શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩
અંક : ૧

## ગ્રામ વિકાસ આયોજન

આપણી ગ્રામ વિકાસને લગતી ઘણી યોજનાઓના અમલીકરણ બાદ વિકાસ સાધવામાં ઘણાં ગામોમાં સફળતા મળી છે. જે ગામો સફળ થયા છે તેમાં મોટા ભાગે ગામ લોકોએ પોતે રસ દાખવ્યો છે. જયાં લોકો ઉદાસીન રહયા છે ત્યાં યોજનાઓ તો ચાલી છે પણ પરિણામો લાભદાયક નીવડયા ન હોય અને થયેલ કાર્યને નિરંતર બનાવી ન શકવાના કારણે ફરી ગામ લોકોએ વિકાસ માટે યોજનાઓ માંગવી પડે છે.

દરેક ગામોમાં એક સરખી જરૂરિયાત હોતી નથી જયારે યોજના તો એક ચોકકસ સ્વરૂપે ઘડાયેલ હોય દરેક ગામને લાગુ કરવામાં તંત્ર તથા લોકો બંનેને મુશ્કેલી જણાય ત્યારે વોટરશેડ જેવી ઘણી યોજનાઓ લોકો જાતે તૈયાર કરી તેના અમલ માટેની પણ પોતે જવાબદારી લઈ શકે છે. આ બાબતો ગ્રામ્ય સ્તરે સ્વીકાર્ય બને અને લોકો તેમાં સામેલ થાય ત્યારે ગ્રામ વિકાસ માટેનુ ચોકકસ આયોજન હાથ ધરી શકાય.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ આ વર્ષમાં જાફરાબાદ તાલુકામાં ૫ ગામોમાં આ પ્રક્રિયામાં સામેલ થવાનુ સ્વીકાર્યુ છે.

સામાન્ય માહિતી મેળવી ગામ લોકોની સેન્સેટાઈઝેશન મીટીંગ કરી જેમાં હયાત સગવડો અને જરુરિયાતો પર ચર્ચા થયેલ છે. વૈકલ્પિક રોજગારી માટે જરુરી તાલીમ કાર્યક્રમો યોજવાની સાથે હયાત રોજગારીના ખેતી જેવાં સાધનોમાંથી પુરતી આવક મેળવી શકાય તે માટે પણ લોકો સાથે ચર્ચા કરતા કરતા તેઓને કૃષિ આધારિત માર્ગદર્શનની જરુર જણાતા આ મહિને એક તાલીમ સહ પ્રેરણા પ્રવાસનું આયોજન નાબાર્ડ તથા કૃષિ યુનિવર્સિટીના સહયોગથી કરવામાં આવ્યુ.

આણંદ અને નવસારી ખાતે ત્રણ દિવસના આ તાલીમ સહ પ્રેરણા પ્રવાસ કાર્યક્રમમાં ૨૫ ખેડૂતો જોડાયા હતા.

આ રીતે સ્થાનિક રહેવાસીઓની જરુરિયાતો અનુસાર ફીટ થતી તેવી તમામ વિભાગોની કામગીરીને જોડવાનું કાર્ય એ ગ્રામ વિકાસ આયોજનમાં આવરી લેવામાં આવે છે.

*વિશ્વાસ એ જીવનની શકિત છે.*

CSJP reiterates demand for community participation in law enacting process

Stating that communities are the main beneficiaries of good policing or the main victims of bad policing, the Council for Social Justice and Peace (CSJP) has restated its demand asking for the participation of the community in the process of enacting laws, while speaking about the draft police Bill. This draft Bill was introduced in the legislature in August 2008 and then referred to a select committee. The mandate of the select committee was to examine the Bill and come up with its report.

Pointing out that several citizens groups and individuals had requested the select committee to hold public interactions so that people can give their inputs and this has not been acted upon, the CSJP expressed their serious disappointment, alleging the select committee that it has failed to hold public debates and consultations on the draft as well as invite public submissions on the type of police service communities want.

"It is widely accepted that it is untenable to continue to police the citizens of India under the Police Act of 1861, which was drafted by the colonial authorities. Though we welcomed the initiative to introduce the Goa Police Bill which was intended to provide the people of Goa with better policing, however, the Bill in its present form has several defects," said the executive secretary of the CSJP, Fr Maverick Fernandes in his communiqué, adding that this does not reflect the principles of democratic policing, but "undermines civil liberties, gives additional power to the police without ensuring the requisite accountability."

The CSJP has damningly alleged that all these factors together would "ensure that police functioning will not improve and will continue to remain a force that imposes law instead of becoming a service that upholds the law."

The Supreme Court of India in its 2006 judgment, in the case of Prakash Singh and Others vs Union of India and Others, had directed the central and all state governments to implement six directives, which would kick-start the reform process. These directives were aimed at giving functional responsibility to the police in matters of administration while remaining under the supervision of the political executive and also ensuring that public complaints are addressed and police accountability is enhanced. Goa implemented these directives conditionally.

Source: Tha Navhind Times

તમારા વિચારો જ તમને સફળ કે નિષ્ફળ બનાવે છે.

## ૬૨ માં પ્રજાસાક દિને આર્થિક ગુલામી (મોંઘવારી) થી આઝાદ બનીએ

કુદરત તરફથી રોજની ભેટ મળતી ૨૪ કલાકનો પુરેપુરો ઉપયોગ કરી આર્થિક આવકના સ્ત્રોત વધે તેવો પરિશ્રમ કરીએ. રોજીદા જીવનમાં થતા નાના નાના ખર્ચમાં સતર્કતા રાખી નીચે પ્રમાણે ઘટાડો કરી શકાય

(૧) રાત્રે વહેલા સુઈ, કોમ્પ્યુટર – કેબલ – મોબાઈલ કલ્ચર નો મર્યાદિત ઉપયોગ કરી લાઈટ બીલ ઘટાડી શકાય

(૨) બળતણ ખર્ચ:– રાંધવાની સાચી રીતો શીખીને, સ્કુટર –ગાડીનો જરૂર પુરતો ઉપયોગ કરીને તેમજ બાળકો/યુવાનોને સાયકલ નું મહત્વ સમજાવી ગેસ તથા ડિઝલ/પેટ્રોલ ખર્ચ તથા પ્રદુષણ ઘટાડી શકાય

(૩) સામાજીક રીત –રિવાજ ના ખર્ચમાં ફેરફાર કરીને આર્થિક બોજ ઘણો ઓછો કરી શકાય જેમકે જન્મ, મરણ, લગ્ન, ધાર્મિક તથા સામાજીક પ્રસંગોમાં પૈસાનો ધુમાડો તેમજ હોટલમાં ખાણી પાણી ઓછી કરીને આર્થિક ખર્ચ ઘટાડી શકાય .

(૪) બાળકોના અભ્યાસમાં શરૂઆતમાં જ અંગત રસ લઈને ભવિષ્યના ઉચ્ચ અભ્યાસમાં પ્રાઈવેટ ડોનેશનના ખર્ચમાંથી બચી શકાય.

(૫) કોઈપણ લોન કે રોકાણ ની લોભામણી જાહેરાતથી અંજાઈને ફસાવું નહી વ્યાજના ચકકરથી બચીને આર્થિક ખર્ચનો બોજ સામેથી લેવો નહી.

(૬) આજના ઝડપી હરિફાઈના યુગમાં સાચી જીવનશૈલીની રીત (નિયમીત કસરત, આહાર, કામ, ઉંઘ, માનસીક શાંતિ અને વ્યસન મુકિત) અપનાવવાથી જીવલેણ રોગોથી બચીને આરોગ્ય ખર્ચ ઘણો જ ઓછો કરી શકાય તેમજ સુખમય જીવન માણી શકાય કોઈપણ ભૌતિક સુખ આરોગ્યના ભોગે અપનાવવા જોઈએ નહી.

(૭) અંગત, કૌટુંબીક, વ્યવસાયમાં હકારાત્મક અને સારા સબંધો જાળવી રાખીને કોર્ટ – કચેરીથી દુર રહીને કાનુની ખર્ચ તથા માનસીક તાણ ઘટાડી શકાય.

(૮) તમાકુને બદલે અનાજનું વાવતેર કરીને દેશમાં અનાજની અછત તથા મોઘવારી ઓછી કરવા તમાકુનું વાવેતર, બનાવટ, વેચાણ તથા સેવનની આજના દિવસથી બહીષ્કાર કરી મોઘવરી ખર્ચ ઘટાડી શકાય તેમજ અફીણ/ગાંજાની જેમ તમાકુની ખેતી ઉપર પ્રતિબંધ લાવવા કાયદો બનાવવા સરકાર પર દબાણ લાવવું જોઈએ.

ટુંકમાં ભારતના મહાન પુરૂષો મહાત્મા ગાધી, વિનોબા ભાવે તથા લાલબહાદુર શાસ્ત્રીની જેમ સાદગીભર્યુ તેમજ કુદરત નજીકનું જીવન જીવવાથી આર્થિક ગુલામીથી આઝાદ બની શકીએ અને જીવનને સુખમય બનાવીએ.

– ડો. એ. જે. ડબાવાલા (ફેફસાના નિષ્ણાંત)

**અવિશ્વાસ એ ધીમી આત્મહત્યા છે.**

**સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી, વહીવટકર્તા કે મેનેજરે ધ્યાનમાં રાખવાના સમાન્ય મુદા**

૧) સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી ફરજીયાત છે. નોધણી ન કરાવવાથી ટ્રસ્ટી કે વહીવટકર્તા કે મેનેજર દંડને પાત્ર બને છે.

૨) કલમ–૨૨ અન્વયે, ફેરફાર થયાથી અથવા કરવા ધારેલો ફેરફાર નોધવા માટે, દિન–૯૦ માં નિયત નમુનામાં, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ અને આધાર સાથે ફેરફાર રિપોર્ટ, સંબધિત જાહેર ટ્રસ્ટની નોંધણી કચેરીમાં રજુ કરવો ફરજીયાત છે. તેમ ન કરવાથી જવાબદાર ટ્રસ્ટી વહીવટીકર્તાને રૂા. ૧૦૦૦/– સુધીનો દંડ કરવાની જોગવાઈ છે.

૩) આ અધિનિયમમાં કોર્ટ એટલે જે તે જીલ્લાની ડીસ્ટ્રીક કોર્ટ/સીટી સીવીલ કોર્ટ તેવો અર્થ ગણવાનો છે.

૪) કલમ ૩૨ની જોગવાઈ પ્રમાણે દરેક ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીએ રોજબરોજના હિસાબ નિયમીત રીતે રાખવા અને કલમ ૩૩ ની જોગવાઈ પ્રમાણે ઓડીટ કરાવીને તેનો ઓડિટ રીપોર્ટ જે તે જાહેર ટ્રસ્ટની નોધણી કચેરીમાં રજુ કરવો.

૫) કલમ–૩૪ મુજબ જે તે ઓડીટરશ્રીએ ટ્રસ્ટના ઓડીટ કરાવેલ રીપોર્ટ ઓડીટ કર્યાની તારીખથી દિન ૧૫ માં નિયત નમુનામાં જાહેર ટ્રસ્ટની નોધણી કચેરીમાં રજુ કરવા ફરજીયાત છે. જેથી કલમ–૩૪ અન્વયેની જવાબદારી બાબતે ઓડીટરશ્રીએ વિશેષ કાળજી લેવી જોઈએ.

૬) કલમ–૩૪(૨)ની જોગવાઈ પ્રમાણે ઓડીટરશ્રીએ તેમના ઓડીટ રીપોર્ટમાં હિસાબી બાબતો કોઈ અનિયમિતતા, ગેરકાયદેસરતા અથવા અયોગ્ય ખર્ચ અથવા નાણાનું અનઅધિકૃત રોકાણ કે અનઅધિકૃત તબદીલી કે ટ્રસ્ટને નુકશાની થયેલી જણાતી હોય કે કોઈ વ્યકિત પક્ષે વિશ્વાસભંગઅથવા ગેરઉપયોગ અથવા બીજા ગેરવર્તન કારણે ટ્રસ્ટને નુકશાન કે અહિત થયેલું હોય તો તે રીમાર્કસ ના કોલમમાં સ્પષ્ટ રીતે દર્શાવવું ફરજીયાત છે.

૭)કલમ–૩૫ ની જોગવાઈના ભંગ બદલ, ટ્રસ્ટીશ્રીને રૂા.૧૦૦૦–સુધીના દંડની જોગવાઈ છે.

૮)કલમ–૩૬ ની પુર્વમંજુરી સિવાયની મિલકતની તબદીલી કદીએ કાયદેસર બનતી નથી

૯)ટ્રસ્ટના કૃત્ય બદલ કોઈ પણ હિતાધિકારી, અધિનિયમની કલમ–૫૦ અન્વયે ટ્રસ્ટ સ્યુટ દાખલ કરવા માંગતા હોય તો તે અગાઉ, તેવા હિતાધિકારીઓએ, કલમ–૫૧ અન્વયે ચેરીટી કમિશનરશ્રીની સંમતિ લેવી ફરજીયાત છે. કોઈ પણ અદાલત, સંમતિના શેરા સિવાય, કોઈ પણ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી સામે, કલમ–૫૦ અન્વયેનો દાવો સ્વીકારી કે દાખલ કરી શકતી નથી. આ પ્રમાણે કલમ–૫૧ ની જોગવાઈથી ટ્રસ્ટીઓના શુધ્ધબુધ્ધિના કૃત્યોને, આ કાયદાથી

*તમે એવા લોકોને કયારેય શીખવી નહી શકો જેમને જાણવાની ઈચ્છા નથી.*

રક્ષણ મળેલું છે.

૧૦)કોઈ સંજોગોમાં ટ્રસ્ટના નોંધાયેલા હેતુઓ મુજબ જ, ટ્રસ્ટના નાણાંનો ઉપયોગ થઈ શકે તેમ ના હોય તો ટ્રસ્ટીશ્રીઓને, કલમ–૫૫ થી સદ્રશ હેતુઓ(Cypres)અંગેની જોગવાઈનો લાભ મળે છે તે માટે ડીસ્ટ્રીકટ કોર્ટમાં જરૂરી કાર્યવાહી થઈ શકે છે.

૧૧) કલમ–૫૬(બી)ની જોગવાઈ પ્રમાણે કોઈ પણ અદાલત કે ઓથોરીટી સમક્ષ, કોઈ પણ ધાર્મિક કે સખાવતી હેતુ લગતનો કોઈ વિવાદ દાખલ થાય તો તેવા સંજોગોમાં જ્યાં સુધી ચેરીટી કમિશનરને તેવી સીવીલ કોર્ટ કે ઓથોરીટી સુનાવણી માટેની નોટીસ ઈસ્યુ ન કરે ત્યાં સુધી કોઈ પણ પ્રકારની આગળની કાર્યવાહી કરી શકતી નથી. સીધી કે આડકતરી રીતે આ જોગવાઈથી, ચેરીટી કમિશનરશ્રીને સુનાવણી માટેની જાણ કર્યા સિવાય સીવીલ કોર્ટ અને અન્ય ઓથોરીટીઓની સતાઓ ઉપર, આડકતરી રીતે નિયંત્રણ લાદવામાં આવેલું છે. તેવી જોગવાઈથી પણ ટ્રસ્ટ અને ટ્રસ્ટની મિલકતો અને ટ્રસ્ટીઓને રક્ષણ મળે છે.

૧૨)કલમ–૫૮ અન્વયે વહીવટી ફાળાની રકમ જમા કરાવવાની જવાબદારી ટ્રસ્ટીઓની છે અને તે પ્રમાણે રકમ જમા ન કરાવવાથી કલમ–૫૯(૧) ની જોગવાઈ પ્રમાણે દંડ અને કલમ–૫૯(૨) ની જોગવાઈ પ્રમાણે ટ્રસ્ટના બેંક ખાતાઓમાંથી તેવી રકમ વસુલ કરવા માટેના હુકમો કરવાની સત્તા ચેરીટી કમિશનર કે સંયુકત ચેરીટી કમિશનરને મળેલી છે.

૧૩) કલમ–૮૦ અન્વયે ચેરીટી કમિશનર, સંયુકત ચેરીટી કમિશનર કે નાયબ–મદદનીશ ચેરીટી કમિશનર જે વિવાદોનો નિર્ણય કરવાની સત્તાઓ ધરાવે છે તેવા કોઈ વિવાદ બાબતે કોઈ પણ સીવીલ કોર્ટમાં કોઈ પણ પ્રકારનો વિવાદ દાખલ થઈ શકતો નથી.

(૧૪)કલમ–૮૩ના ભંગ બદલ નાયબ કે મદદનીશ ચેરીટી કમિશનરશ્રીએ તેવા જવાબદાર ટ્રસ્ટીઓ સામે, ફોજદારી કેસ દાખલ કરવાની જરૂર હોય તો તેવા સંજોગોમાં પ્રોસીકયુશન દાખલ કરતાં અગાઉ મંજુરી મેળવવા માટેનો અહેવાલ ચેરીટી કમિશનર કે સંયુકત ચેરીટી કમિશનરશ્રીને મોકલવાનો હોય છે અને પ્રોસીકયુશન દાખલ કરવા માટેની મંજુરી મળ્યા બાદ જ જે તે જિલ્લાના નાયબ કે મદદનીશ ચેરીટી કમિશનર, તેવા ટ્રસ્ટીઓ સામે, ફોજદારી કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરી શકે છે.

(૧૫)કલમ–૩૩ ની જોગવાઈના ઓડીટના હેતુ માટે, નાયબ અથવા મદદનીશ ચેરીટી કમિશનર જાતે અથવા ઓડિટરની વિનંતી ઉપરથી તમામ હિસાબી સાહિત્ય સાથે હાજર રહેવા માટે હુકમ ફરમાવી શકે છે.

શિક્ષણના મુળ કડવા છે
પરંતુ તેના ફળ મીઠા છે.

## પોત્સાહન પ્રાણ પુરે છે

બીજાને પોત્સાહન આપવું એ લીડર માટેનો એક આવશ્યક ગુણ છે. પ્રોત્સાહનથી સામેની વ્યકિતમાં ઉત્સાહનો સંચાર થાય છે અને બમણી ગતિથી એ કાર્ય કરવા લાગી જાય છે.

પ્રોત્સાહન કેટલું અગત્યનું છે તે અંગેના ઉદાહરણોઃ

૧) હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રખ્યાત મનોવિજ્ઞાન અને વિચારક પ્રોફેસર વિલિયમ જેમ્સ કહે છે કે દરેક વ્યકિતમાં પુષ્કળ પ્રમાણમાં શકિત, ઉર્જા, ક્ષમતા અને સુષુપ્ત ખુબીઓ પડેલી હોય છે. એમના કહેવા મુજબ, આપણે જે બની શકવા સક્ષમ હોઈએ છીએ એની સરખામણીમાં માંડ માત્ર અડધા જ આપણે જાગ્રત હોઈએ છીએ. આપણે આપણી શારીરિક અને માનસિક ક્ષમતાઓનો માંડ અડધો ઉપયોગ કરીએ છીએ. બીજી રીતે કહીએ તો માનવી તેની મર્યાદાઓની બહુ જ અંદર જીવી રહયો છે. તે અનેક પ્રકારની તાકાત ધરાવે છે, પરંતુ એનો ઉપયોગ નહી કરવાનો તે આદી થઈ ગયો હોય છે.

આ ક્ષમતા પુરબહારમાં ખીલવવા માટે તેને પ્રોત્સાહન જરૂર રહે છે. પ્રોત્સાહનના બે શબ્દો, શાબાશી, પીઠ થાબડવી આવી ચેષ્ટાઓ બહુ મોટુ કામ કરી જાય છે.

૨) ચાર્લ્સ ડિકન્સને મળેલા સમયસરના પ્રોત્સાહનથી તેમણે અનેરી ઉંચાઈ પ્રાપ્ત કરી હતી. શાળામાં એ ચોથા ધોરણમાં હતા ત્યારે એને સખત માંદગીની સાહેબી ભોગવવા મળી. તેના પિતા દેવું ચુકવી ન શકવાને કારણે જેલભેગા થયેલા. એટલે ઉંદરોથી ત્રસ્ત એવા ગોદામમાં તેમણે બાટલીઓ પર લેબલો ચોંટાડવાની મજુરીએ જવું પડયું. ગંધારી ઝુંપડપટીમાં ભાગીદારીમાં વસવાટ દરમ્યાન તેમણે ત્યાં જે કાંઈ લખ્યું તે પ્રકાશિત થયા વિના તેને પરત મળ્યું અંતે એની એક વાર્તા સ્વીકારાઈ અને પ્રકાશિત થઈ. જોકે કાંઈ મહેનતાણું મળ્યું નહિ પરંતુ વાર્તા છપાયેલી જોઈને ડિકન્સને ઘણું જ પ્રોત્સાહન મળ્યું અને પરિણામે પછીથી તેમણે 'ઓલિવર ટવીસ્ટ', 'ગ્રેટ એકસ્પેકટેશન્સ', 'ધ ટેલ ઓફ ટુ સિટીઝ', 'પિકિવક પેપર્સ' વગેરે જેવી ઉત્કૃષ્ટ કૃતિઓ સર્જી.

૩) એચ.જી.વેલ્સ માલસામાનની એક દુકાનમાં ૧૪ કલાક જેટલી કાળી મજુરી કરતા હતા. સદભાગ્યે તેના એક જુના શિક્ષકે તેને આ ઘરેડમાંથી બચાવી લીધા, તેમની પ્રતિભાને ઓળખી લઈ તેમને એક શિક્ષક તરીકેની નોકરી અપાવી. એ પછીનો ઈતિહાસ તો જગજાહેર છે. આ મહાન અને કલ્પનાશીલ લેખકે લખેલી વિજ્ઞાન કથાઓ – સાયન્સ ફીકશનની તોલે કોઈ આવી શકે તેમ નથી.

*આત્મ વિશ્વાસ વધારવાની સાચી રીત એ છે કે તમે એ કામ કરો જેનાથી તમે ડરતા હો આ રીતે જેમ જેમ તમને સફળતા મળતી જશે તેમ તેમ તમારો આત્મ વિશ્વાસ વધતો જશે.*

*– ડેલ કાર્નેગી.*

***ધન ખાતર જેવું છે, તેને ફેલાવી ન દોતો તે ગંધાઈ ઉઠે છે.***

## ન્યાય સમિતી રીવ્યુ અને આયોજન

તા.૬/૭ જાન્યુઆરી ન્યાય સમિતિનાં બહેનોની રીવ્યુ અને આયોજન મીટીંગ મળી તેમાં મહુવા, ભાવનગર, રાજુલા, અમરેલી, વિછિયા, ટાટમ આ ૬ ન્યાય સમિતિનાં બહેનો હાજર રહયા હતાં. સપ્ટેમ્બરનાં આયોજન મુજબ ચર્ચા થઈ ત્યાર બાદ તેમાં પડતી મુશ્કેલી, સિધ્ધીઓ, ઈતિહાસ, રસ્તાઓ અને કાયદા નાં મુદાઓથી જીજ્ઞા જોષી અને હેતલ ગોસ્વામીએ માહિતીગાર કર્યા અને આવતા ત્રણ મહિનાની કામગીરીનું આયોજન થયું.

## આપણો અધિકાર આપણી જવાબદારી

પ્રવાહ દ્વારા આ વર્ષે 'આપણો અધિકાર આપણી જવાબદારી' એ નામે અભિયાન હાથ ધરવા આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં એસએસકેકે એ ખાંભા તાલુકાના રબારીકા, પીપરીયા, સાળવા, પચપચીયા, હનુમાનપુર અને તાલડા ગામે આ અભિયાનની બાબતો ગામ લોકો સાથે જોડી હતી. પ્રચાર સાહિત્ય સહ ગામ લોકોની મીટીંગો યોજી, રેલી તથા અન્ય પ્રચાર માધ્યમોના ઉપયોગ સાથે આ અભિયાનમાં સ્વચ્છતા અને પાણીના સ્વાવલંબન બાબતે દરેક ગામોમાથી ઠરાવ મેળવવામાં આવ્યા હતા.



**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– **ટપક ટીમ**

**Well wisher of this month**

| | |
|---|---|
| 840 | Riza E Rab Ameen |
| 840 | Pooja Digumari |
| 840 | Jigna Parekh |
| 840 | Surbhi Sharma |
| 840 | Amol Bhatt |
| 840 | Aparna Thunoli |
| 24656 | Manu Bhatnagar |
| 871 | Sangitha Bhatt |
| 871 | Amanda Greene |

***મનની પ્રામાણિકતાથી વધારે પવિત્ર ત્રીજું કંઈ નથી.***

**<u>૨૬ જાન્યુઆરીની ત્વારીખ</u>**

૧૯૨૯: ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ભારતની સ્વતંત્રતાનું લક્ષ્ય જાહેર કર્યું.

૧૯૫૦: ભારતનો પ્રજાસત્તાક દિવસ, બ્રિટીશ શાસનનો અંત.

૧૯૫૦: ભારતના રાષ્ટ્રચિહ્ન તરીકે અશોકસ્તંભને સ્વીકાર્યુ.

૧૯૫૭: ભારતે કાશ્મીરનુ જોડાણ કર્યુ

૧૯૬૨: ચંદ્રના અભ્યાસ માટે રેન્જર ૩ લોંચ.

૧૯૬૭: દિલ્હીમાં ટેલિવિઝન પરના સૌપ્રથમ ગ્રામિણ કાર્યક્રમ કૃષિ દર્શનની શરૂઆત.

૧૯૯૮: ઈન્ટેલે ૩૩૩ મેગાહર્ટઝની પેન્ટિયમ–૨ ચીપ લોંચ કરી

૨૦૦૧: ગુજરાતમાં ધરતીકંપે વીસ હજાર લોકોનો ભોગ લીધો

*આ દિવસ આંતરરાષ્ટ્રીય કસ્ટમ દિવસ તરીકે ઓળખાય છે.*

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | | |
|---|---|---|
| ૦૨ | – | ટીમ મિટીંગ, અમરેલી |
| ૦૫ | – | નેટવર્ક મિટીંગ,રાજકોટ |
| ૦૬/૦૭ | – | ન્યાય સમીતી સમીક્ષા, રાજકોટ |
| ૧૧/૧૨ | – | યુવા તાલીમ, હીગોળગઢ |
| ૧૨ | – | પ્રવાહ અંતર્ગત અભિયાન માટે કાર્યશાળા–સાયલા |
| ૧૫/૨૫ | – | સ્વાવલંબન અભિયાન, ખાંભા |
| ૨૦ | – | એસએસજી માટે પીઆઈએમસી મીટીંગ, હરિરાજ ખાંભા. |
| ૨૧ | – | ડીઆરઆર મીટીંગ – ઉન્નતિ |
| ૨૬/૨૭ | – | જાફરાબાદ તાલુકાના ખેડૂતોનો પ્રેરણા પ્રવાસ કૃષિ યુનિવર્સિટી આણંદ અને નવસારી |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***એવો કોઈ વિચાર નથી જેને બીજ અને ફળ ન હોય.***